સુવિચાર : અતિ સુખ હોય તો નિશાની નાશથી સમજો, વધુ ચમકતા સિતારા તરત ખરતા હોય છે... - બેન્યાઝ ધ્રોલવી




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૮૨ | ૨૩ ડિસેમ્બર, ૨૦૧૫, બુધવાર ; માગશર સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## બિલ પસાર થતાં નિર્ભયાના માતા-પિતાને સંતોષ

નવીદિલ્હી, તા. ૨૨

રાજ્યસભામાં જુએનાઈલ જસ્ટિસ બિલ પસાર થઈ ગયા બાદ પ્રતિક્રિયાઓનો વરસાદ શરૂ થયો હતો. મોટી સંખ્યામાં લોકોએ બિલ પાસ થયા બાદ ખુશી વ્યક્ત કરી હતી. કેટલાક સામાજિક કાર્યકરોએ બિલની પ્રવૃત્તિ ઉપર પ્રશ્નો ઉઠાવ્યા હતા. જો કે, બિલ પસાર થયા બાદ નિર્ભયાના માતા-પિતાએ ખુશી વ્યક્ત કરી હતી. માતા આશાદેવીએ કહ્યું હતું કે, આવનાર સમયમાં બાળકીઓને ન્યાય મળશે તેવી આશા જાગી છે. તેમની નિર્ભયાને ન્યાય મળી શક્યો નથી તેને લઈને ચોક્કસપણે દૂખ છે. બિલ પાસ થવામાં વિલંબ થયો છે. બીજી બાજુ નિર્ભયાના પિતા બદ્રીનાથસિંહે કહ્યું હતું કે, જુએનાઈલ જસ્ટિસ બિલ તેમની પુત્રીને શ્રદ્ધાંજલિ સમાન છે. જો કે, લડાઈ જારી રાખવાની તેમણે વાત કરી હતી. મેનકા ગાંધીએ ખુશી વ્યક્ત કરતા કહ્યું હતું કે, બિલ પસાર થયું છે જે સંતોષની બાબત છે. સાથ આપવા બદલ તમામ રાજકીય પક્ષોનો આભાર માન્યો હતો. સંસદીય બાબતોના મંત્રી વેંકૈયા નાયડુએ કહ્યું હતું કે, જુએનાઈલ જસ્ટિસ બિલ પસાર થતાં દેશવાસીઓમાં ખુશી છે. જુદા જુદા રાજકીય પક્ષોએ પણ આવી જ પ્રતિક્રિયા આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આ બિલને લઈને હાલમાં ચર્ચા ચાલી રહી હતી.

# ઐતિહાસિક જુએનાઈલ બિલ પસાર

### રાજ્યસભામાં લાંબી ચર્ચા બાદ બિલ વોટિંગ મારફતે જ પસાર થતાં લોકોની નારાજગી દૂર



નવી દિલ્હી,તા. ૨૨

નિર્ભયા ગેંગરેપના મામલા કિશોર અપરાધીની મુક્તિથી નારાજ થયેલા લોકોની માંગણી અને ઈંતેજારનો અંત આવી ગયો છે. રાજ્યસભામાં ઐતિહાસિક દિવસ આજે રહ્યો હતો અને જુએનાઈલ બિલને પસાર કરી દેવામાં આવ્યું હતું જેથી સંતોષની લાગણી જોવા મળી હતી. રાજ્યસભામાં મહિલા અને બાળ વિકાસ મેનકા ગાંધી દ્વારા રજૂ કરવામાં આવેલા કિશોર ન્યાય બિલ આખરે પસાર થઈ ગયું હતું. આની સાથે જ જુએનાઈલ બિલમાં ફેરફારની ઔપચારિકતા પુરી થઈ ગઈ હતી. કિશોર અપરાધોની વય મર્યાદા ૧૮ વર્ષથી ઘટાડીને ૧૬ વર્ષ

### વય મર્યાદા ૧૮ વર્ષથી ઘટાડી ૧૬ વર્ષની કરાઈ

● અનુસંધાન પાન-૭ પર



કાતિલ ઠંડીની અનુભૂતિ

(તસવીર : જય અમીન)

# દિલ્હીમાં બીએસએફનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત : ૧૦ના મોત

### ચાર્ટર્ડ વિમાન દિલ્હીના દ્વારકામાં તુડી પડ્યા બાદ આગ ફાટી નિકળી : સમગ્ર મામલામાં તપાસનો હુકમ કરાયો : મોદી, રાજનાથસિંહ, મહેશ શર્મા દ્વારા દુખ વ્યક્ત કરાયું

નવી દિલ્હી,તા. ૨૨

બીએસએફનું એક ચાર્ટર વિમાન આજે દિલ્હીના દ્વારકામાં દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં વિમાનમાં રહેલા તમામ ૧૦ લોકોના મોત થઈ ગયા હતા. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન મહેશ શર્માએ આ અહેવાલને સમર્થન આપ્યું હતું. વિમાનમાં રહેલા તમામ ૧૦ લોકોના મોતના અહેવાલને પણ સમર્થન મળી ચુક્યું છે. મહેશ શર્માએ દુર્ઘટના અંગે દુખ વ્યક્ત કરીને તપાસનો આદેશ આપ્યો છે. વિમાન દુર્ઘટનામાં ૧૦ જવાનોના મોત અંગે વડાપ્રધાન મોદીએ આઘાત વ્યક્ત કર્યો છે. બે ચાલક અને આઠ ટેકનિશિયનોને લઈને રાંચી જઈ રહેલા બીએસએફના નાના સુપરકિંગ વિમાને ઉંડાણ ભર્યા બાદ દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયા હોવાના અહેવાલથી ખળભળાટ મચી ગયો હતો. આ ચાર્ટર્ડ વિમાન દ્વારકાનજીક દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ બનાવ દ્વારકા નજીક બગડોલા ગામમાં બન્યો હતો. ઉડ્ડયન સૂત્રોએ કહ્યું છે કે, સવારે ૯.૫૦ વાગે દુર્ઘટના સર્જાઈ હતી તે વખતે વિમાન કોઈ ટેકનિકલ ખામીના કારણે પાંચ મિનિટમાં જ તુટી પડ્યું હતું. બીએસએફના સૂત્રોએ કહ્યું છે કે, ટેકનિશિયનો રાંચીમાં હેલિકોપ્ટરને ઠીક કરવા માટે જઈ રહ્યા હતા. અકસ્માત માટેનું કારણ હજુ જાણી શકાયું નથી પરંતુ એમ માનવામાં આવે છે કે, ટેકનિકલ ખામીના કારણે આ બનાવ બન્યો હતો. વિમાન પહેલા દિવાલ સાથે



ટકરાઈ ગયું હતું. ત્યારબાદ તેમાં આગ ફાટી નિકળી હતી. ત્યારબાદ આ વિમાન જળાશયમાં પડી ગયું હતું. પોલીસ અધિકારી દેવેન્દ્ર પાઠકે માહિતી આપતા કહ્યું હતું કે, ઘટનાસ્થળે મૃતદેહ મળી આવ્યા છે. જાણકાર લોકો અને સાક્ષીઓએ વિગત આપતા કહ્યું છે કે, વિમાન ટુંકા ગાળામાં જ નીચે પડી ગયું હતું. બીજી બાજુ આ બનાવના સંદર્ભમાં

● અનુસંધાન પાન-૭ પર

## અડવાણીની જેમ જેટલી પણ બેદાગ રહેશે : મોદી

નવી દિલ્હી,તા. ૨૨

કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીની જોરદાર તરફેણ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, જેટલી તમામ આક્ષેપોમાંથી બહાર આવી જશે. આમ આદમી પાર્ટી અને ભાજપના કેટલાક વર્તુળોમાં જેટલીને લઈને નારાજગી હોવા છતાં મોદીએ જેટલીનો આજે બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે, હવાલા કેસમાં જે રીતે લાલકૃષ્ણ અડવાણી સામે આક્ષેપો થયા હતા તેવી જ રીતે જેટલી સામે પણ આક્ષેપો થઈ રહ્યા છે. દિલ્હી ક્રિકેટ સંસ્થામાં નાણાંકીય ગેરરીતિના કોંગ્રેસ અને એએપીના આક્ષેપો થઈ રહ્યા છે ત્યારે મોદીએ આજે તમામની ઝાટકણી કાઢી હતી. મોદીએ ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં કોંગ્રેસની આકરી ટિકા કરી હતી અને કહ્યું હતું કે, સરકારને બદનામ કરવા માટેના પ્રયાસ થઈ

● અનુસંધાન પાન-૭ પર

## ચાઈનીઝ તુક્કલ પર પ્રતિબંધ મુકવા હાઈકોર્ટનો હુકમ

### ગયા વર્ષે ઉત્તરાયણ ઉપર ૧૦૦ કરોડની તુક્કલો વેચાઈ : આગના ૨૧ બનાવોમાં અમદાવાદમાં ત્રણના મોત થયા હતા



અમદાવાદ,તા. ૨૨

ગુજરાત હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા આજે ઉત્તરાયણના આગામી તહેવાર દરમિયાન બાળકો અને યુવાનો ખુબ જ લોકપ્રિય એવી ચાઈનીઝ લાલટેન અથવા તો તુક્કલના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. ચાઈનીઝ તુક્કલ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ આને લઈને બાળકોમાં નિરાશા પણ જોવા મળી શકે છે.છેલ્લી ઉત્તરાયણ દરમિયાન ૧૦૦ કરોડથી વધુ કિંમતની ચાઈનીઝ તુક્કલનું વેચાણ કરવામાં આવ્યું હતું. આ વખતે પણ બાળકોમાં ચાઈનીઝ તુક્કલને લઈને જોરદાર રોમાંચકતા જોવા મળી રહી હતી પરંતુ ગુજરાત હાઈકોર્ટે આજે પ્રતિબંધ મુકી દીધો છે. કારોબારી ચીફ જસ્ટિસ જયંત પટેલ અને જસ્ટિસ વીએમ પંચોલીની બનેલી ડિવિઝન બેંચે ત્રણ દિવસની અંદર આ સંદર્ભમાં જાહેરનામુ જારી કરવા રાજ્ય સરકારને આદેશ કર્યો હતો. કોર્ટે જીવણભાઈ રબારી દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેરહિતની અરજી ઉપર સુનાવણી વેળા આ આદેશ કર્યો હતો. તેમના વકીલ જુગલ દવેએ માહિતી આપતા કહ્યું હતું કે, તુક્કલ ગરીબો માટે અને ખાસ કરીને ઝુંપડપટ્ટીમાં રહેતા ગરીબોને વધારે નુકસાનકારક સાબિત થઈ શકે છે. તેમના વકીલે કહ્યું હતું કે, ગયા વર્ષે અમદાવાદ એકલામાં તુક્કલના કારણે આગ ફાટી નિકળવાના ૨૧ બનાવો બન્યા હતા જેમાં અમદાવાદમાં ત્રણના મોત થયા હતા. આવી સ્થિતિમાં તુક્કલના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે તે જરૂરી છે. આ પ્રકારની રજૂઆત કરવામાં આવ્યા બાદ આની નોંધ લેવામાં આવી હતી અને ગુજરાત હાઈકોર્ટે ચાઈનીઝ તુક્કલના ઉપયોગ પર પ્રતિબંધ મુકવાનો આદેશ કર્યો હતો. ગુજરાત હાઈકોર્ટના આ આદેશને લઈને જુદી જુદી પ્રતિક્રિયાઓ મળી રહી છે.

# ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખપદે રામાજી ઠાકોર

### ઉપપ્રમુખ તરીકે ભરતભાઈ પટેલ વિજયી : સમર્થકોએ ખભે બેસાડી ડી.જે.નાતાલે નાચ્યા : ભવ્ય આતશભાજી અને નારેબાજી કરી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતના ૨૭મા પ્રમુખ તરીકે કોંગ્રેસના શ્રી રામાજી વાઘાજી ઠાકોર અને ઉપપ્રમુખ તરીકે કોંગ્રેસના શ્રી ભરતભાઈ બી. પટેલ ૨૫ વિરૂધ્ધ ૫ મતે વિજયી બનેલા જાહેર કરવામાં આવ્યા છે.

અધ્યાશી અધિકારી શ્રી જી.આર. ચૌધરીના અધ્યક્ષસ્થાને મળેલ બેઠકમાં આ બંને ઉમેદવારોને મતદાનને અંતે વિજયી જાહેર કરવામાં આવ્યા હતા.

સભાના આરંભમાં અધ્યાશી અધિકારીએ ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવાના મળેલા અધિકારો અને તેમની કરાયેલી નિમણુંક સહિતની બાબતના કાગળોનું વાંચન કરી અને મળેલ દરખાસ્તો પર મતદાનની પ્રક્રિયા હાથ ધરાશે તેની સ્પષ્ટતા કરી હતી.

આ પછી કોંગ્રેસ પક્ષ વતી શ્રી અરવિંદસિંહ સોલંકીએ પક્ષની ચૂંટણી સંકલન સમિતિના ચેરમેન શ્રી બાલુભાઈ પટેલ તરફથી મળેલ વ્હીપનું વાંચન કરી અને અધ્યાશી અધિકારીને તે સોંપ્યો હતો.

વ્હીપના વાંચન પછી ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પ્રથમ પ્રમુખના ઉમેદવારી દરખાસ્તો પર મતદાન લેવાયું હતું. પ્રથમ દરખાસ્ત અરવિંદસિંહ સોલંકીના નામની મત પર મુકાઈ હતી. જેમાં એક પણ સભ્યએ તરફેણ, વિરૂધ્ધ કે તટસ્થ નહિ કરતાં દરખાસ્તનો રકાસ થયો હતો.

આ પછી બીજી દરખાસ્ત કોંગીના શ્રી રામાજી ઠાકોરના નામની મત પર મુકાઈ હતી. જેમાં શ્રી રામાજીની તરફેણમાં ૨૫ અને



(તસવીર : દિપક જાની)

વિરૂધ્ધમાં પાંચ મત પડયા હતા.

અધ્યાશી અધિકારીશ્રી ચૌધરીએ શ્રી રામાજી ઠાકોરને વિજયી બનેલા જાહેર કરતાં કોંગી સભ્યોએ પાટલીઓ થપથપાવી જાહેરાતને વધાવી લીધી હતી.

આ પછી ઉપ્રમુખની ચુંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ભાજપના શ્રી જયેશ ચૌધરીની તરફેણમાં પાંચ મત પડયા હતા. જયારે કોંગ્રેસના શ્રી ભરતભાઈ પટેલની તરફેણમાં ૨૫ મત પડતાં શ્રી ભરતભાઈ પટેલને વિજેતા જાહેર કરાયા હતા.

ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થતાં જ સભાનું કામકાજ પૂર્ણ થયાની જાહેરાત અધ્યાશી અધિકારી શ્રી જી.આર. ચૌધરીએ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યના ઈંટ ઉત્પાદકો માટે મહત્વનો નિર્ણય

ગાંધીનગર, તા.૨૨

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજયના ઈંટ ઉત્પાદકોને બિનખેતીની મંજુરીમાં સરળીકરણનો ઐતિહાસિક નિર્ણય ઈંટ ઉત્પાદકોની તમામ અડચણો દુર થાય અને તેઓ તેમનો વ્યવસાય સરળતાથી કરી શકે તેવા ઉદાતભાવથી જે નિર્ણયો કર્યા છે. તેમાં ઈંટ ઉત્પાદકો માટે અગાઉ

### 30 વર્ષ જુની ઇંટ ઉત્પાદકની સમસ્યાનું નિવારણ : સિંગલ વિન્ડો સિસ્ટમ ક્લિયરન્સથી નિકાલ : સરળ અને સહેજ ફોર્મમાં ૪ દસ્તાવેજો આપવાના રહેશે : આનંદીબેન

લઈને ૩૦ વર્ષથી વધુ સમયથી રહેલી ઈંટ ઉત્પાદકોની સમસ્યાઓનું સુચારૂ નિવારણ કર્યુ છે. આનંદીબેને અગાઉ તેમના મહેસુલ મંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ફોર્મના સરળીકરણ અને બિનખેતી પ્રક્રિયામાં આપવામાં આવતા પ્રમાણપત્રોની સંખ્યા મહદઅંશે સિમીત કરી હતી. મુખ્યમંત્રીએ હવે ઈંટ ઉત્પાદક પ્રક્રિયામાં બિનખેતી સરળીકરણના મહત્વના પાસાઓમાં સ્થાનિક કક્ષાએ તલાટીને અરજી કર્યા પછી તેની ખુબ જ લાંબી ચેનલમાંથી પસાર થવુ પડતું હોય જેના કારણે ખાસ નાના ઉત્પાદકોને ખુબ જ મુશ્કેલી થતી હતી.

સરળ થયેલ ફોર્મમાં માત્ર પ્રાંત અધિકારી કક્ષાએ નિયત ફોર્મ સાદા કાગળમાં ઈંટ ઉત્પાદક અરજી કરી શકશે અને બધુ જ કલીયરન્સ સીગલ વિન્ડો સીસ્ટમથી કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર







